E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 323 * Date: 13.09.2024,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# વડોદરાના પૂરગ્રસ્તો માટે ૫૦૦૦ થી માંડીને ૮૫,૦૦૦ સુધીની રોકડ સહાય



આ વર્ષે દેશભરમાં ભારે વરસાદના કારણે અનેક રાજ્યોમાં વિનાશ સર્જાયો છે. પર્વતોથી લઈને મેદાનો સુધી વરસાદનો કહેર જોવા મળ્યો છે. અનેક રાજ્યમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ આકરી ગરમીએ ઉત્તર ભારતને ખૂબ જ પરસેવે નવડાવ્યા હતા. મે-જૂન મહિનામાં રાજસ્થાનના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. આકરી ગરમી અને મુશળધાર વરસાદ બાદ હવે ઠંડી લોકોને પરેશાન કરવાની છે. વર્લ્ડ મીટીરોલૉજીકલ ઑર્ગેનાઈઝેશન (ઉર્સ)ની આગાહી પ્રમાણે આ વર્ષે કડકડતી ઠંડી પડશે. ઉર્સ કહે છે કે તીવ્ર ઠંડીનું કારણ લા નીનાની અસર હશે.

જણાવ્યા પ્રમાણે ભારતના ઉત્તરીય ભાગોમાં તીવ્ર ઠંડી પડી શકે છે. એક વાત પણ નોંધનીય છે કે, આ વર્ષે સામાન્ય કરતાં વધુ ઠંડી રહેશે એટલું જ નહીં પરંતુ શિયાળાની મોસમનો સમયગાળો પણ વધશે. ઉર્સ અનુસાર વર્ષના અંત સુધીમાં લા નીનાની સ્થિતિ વધુ મજબૂત થવાની ૬૦ ટકા સંભાવના છે, જેના કારણે દેશના ઉત્તરીય ભાગોમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડશે. સપ્ટેમ્બર-નવેમ્બર ૨૦૨૪ સુધીમાં લા નીના સ્થિતિ બનવાની ૫૫% સંભાવના છે અને તે ઑક્ટોબર ૨૦૨૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ૬૦% સુધી મજબૂત થવાની આશા છે. લા નીનાની અસર ભારતમાં ચોમાસા દરમિયાન તીવ્ર અને લાંબા ગાળા સુધી વરસાદ થવાનું કારણ બને છે અને ઉત્તર ભારતમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડે છે. વર્ષના અંત સુધીમાં લા નીનાની અસર વધશે, જેના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ ઠંડી પડે તેવી સંભાવના રહેલી છે.

# આકરી ગરમી બાદ આ વર્ષે પડી શકે છે કાતિલ ઠંડી

આ વર્ષે દેશભરમાં ભારે વરસાદના કારણે અનેક રાજ્યોમાં વિનાશ સર્જાયો છે. પર્વતોથી લઈને મેદાનો સુધી વરસાદનો કહેર જોવા મળ્યો છે. અનેક રાજ્યમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ આકરી ગરમીએ ઉત્તર ભારતને ખૂબ જ પરસેવે નવડાવ્યા હતા. મે-જૂન મહિનામાં રાજસ્થાનના અનેક વિસ્તારોમાં તાપમાનનો પારો ૫૦ ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. આકરી ગરમી અને મુશળધાર વરસાદ બાદ હવે ઠંડી લોકોને પરેશાન કરવાની છે. વર્લ્ડ મીટીરૉલૉજીકલ ઑર્ગેનાઈઝેશન(ઉર્સ)ની આગાહી પ્રમાણે આ વર્ષે કડકડતી ઠંડી પડશે. ઉર્સ કહે છે કે તીવ્ર ઠંડીનું કારણ લા નીનાની અસર હશે.ભારતના ઉત્તરીય ભાગોમાં તીવ્ર ઠંડી પડી શકે છે. એક વાત પણ નોંધનીય છે કે, આ વર્ષે સામાન્ય કરતાં વધુ ઠંડી રહેશે એટલું જ નહી પરંતુ શિયાળાની મોસમનો સમયગાળો પણ વધશે. ઉર્સ અનુસાર વર્ષના અંત સુધીમાં લા નીનાની સ્થિતિ વધુ મજબૂત થવાની ૬૦ ટકા સંભાવના છે, જેના કારણે દેશના ઉત્તરીય ભાગોમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડશે.

સપ્ટેમ્બર-નવેમ્બર ૨૦૨૪ સુધીમાં લા નીના સ્થિતિ બનવાની ૫૫% સંભાવના છે અને તે ઑક્ટોબર ૨૦૨૪થી ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી ૬૦% સુધી મજબૂત થવાની આશા છે. લા નીનાની અસર ભારતમાં ચોમાસા દરમિયાન તીવ્ર અને લાંબા ગાળા સુધી વરસાદ થવાનું કારણ બને છે અને ઉત્તર ભારતમાં સામાન્ય સ્થિતિ કરતાં વધુ ઠંડી પડે છે. વર્ષના અંત સુધીમાં લા નીનાની અસર વધશે, જેના કારણે ઉત્તર ભારતના રાજ્યોમાં સામાન્ય કરતાં વધુ ઠંડી પડે તેવી સંભાવના રહેલી છે.પ્રમાણે કુદરતી રીતે બનતી આબોહવા ઘટનાઓ જેમ કે, લા નીના અને અલ નીનો જેવી



ઘટનાઓ માનવ પ્રેરિત આબોહવા પરિવર્તનને કારણે થઈ રહી છે. અને આ વૈશ્વિક તાપમાનમાં વધારો કરી રહ્યું છે, અને મોસમી વરસાદ અને તાપમાનને અસર કરી રહ્યું છે.હકીકતમાં લા નીનાને કારણે મધ્ય અને પૂર્વ વિષુવવૃત્તીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન નોંધપાત્ર રીતે ઘટે છે. આ ફેરફાર ઉષ્ણકટિબંધીય વાતાવરણીય પરિભ્રમણને અસર કરે છે, જેમ કે પવન, દબાણ અને વરસાદને અસર કરે છે. સામાન્ય રીતે લા નીના ભારતમાં ચોમાસા દરમિયાન તીવ્ર અને લાંબા સમય સુધી વરસાદનું કારણ હોય છે. લા નીનાને કારણે શિયાળો પણ સામાન્ય કરતાં વધુ ઠંડો રહે છે. દરેક લા નીના ઘટનાની અસર અલગ અલગ હોય છે. તે તેની તીવ્રતા, સમયગાળો, વર્ષનો સમય અને અન્ય જળવાયુ પરિબળો પર આધાર રાખે છે.

# મલાઇકા અરોરાના પિતા પંચતત્ત્વમાં વિલીન, અંતિમ વિદાય આપવા પહોંચ્યા બોલિવૂડ સેલેબ્સ



બોલીવૂડ એક્ટ્રેસ મલાઈકા અરોરાના પિતા અનિલ અરોરા પંચતત્વમાં વિલિન થયા છે. તેમનું અંતિમ સંસ્કાર આજે સવારે સાંતાક્રુઝના હિન્દુ સ્મશાન ઘાટ પર કરવામાં આવ્યુ હતું. આજે સવારે તેમનો પાર્થિવ દેહ બાબા હોસ્પિટલથી ઘરે લાવવામાં આવ્યો હતો. જ્યાં અંતિમ વિધિ પૂર્ણ કરવામાં આવી હતી. અંતિમ સંસ્કારમાં બોલીવૂડના અનેક અભિનેતા-અભિનેત્રીઓ હાજર રહ્યા હતા.મલાઈકા અરોરાના પિતાના અંતિમ સંસ્કારમાં અલવીરા ખાન, ગીતા કપૂર, સુનિધિ ચૌહાણ પણ પહોંચી હતી. મલાઈકાની નાની બહેન અમૃતા અરોરા પણ સ્મશાન ઘાટ પર પતિ અને પુત્ર સાથે જોવા મળી હતી.

મલાઈકા અરોરાના પિતાની અંતિમ વિધિ દરમિયાન ગૌહર ખાન, સોફિયા ચૌધરી, કરિના કપૂર ખાન, સૈફ અલી ખાન, ફરાન ખાન, સાજિદ ખાન પણ પહોંચ્યા હતા. ૬૫ વર્ષીય અનિલ અરોરાએ પોતાના ઘરની બાલ્કનીમાંથી છઠ્ઠા માળેથી કુદીને આપઘાત કર્યો હતો. પોસ્ટમોર્ટમમાં અનેક ઈજાઓ થઈ હોવાથી મોત થયુ હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

# સત્તાપલટામાં માહેર અમેરિકન રાજદ્વારી સાથે રાહુલ ગાંધીની મુલાકાત

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલમાં અમેરિકાના પ્રવાસે છે અને ત્યાં સતત એક પછી એક કાર્યક્રમોમાં ભાગ લઈ રહ્યા છે. આ દરમિયાન તેમની ઘણા લોકો સાથે મુલાકાત પણ થઈ. જે દરમિયાન અમુક મુલાકતો વિવાદમાં પણ રહી. તેમાંથી જ એક મુલાકાત જમ્મુ-કાશ્મીર અને પંજાબને ભારતથી અલગ કરવાના હિમાયતી સાંસદ ઈલ્હાન ઉમર સાથેની પણ હતી જેના પર જોરદાર હોબાળો મચ્યો. હવે તેના પછી રાહુલ ગાંધી ટોચના અમેરિકન રાજદ્વારીને મળ્યા હતા જેમને સત્તાપલટો કરવામાં માહેર માનવામાં આવે છે. રાહુલ ગાંધી અમેરિકન વિદેશ મંત્રાલયમાં તહેનાત દક્ષિણ તથા મધ્ય એશિયા બાબતો જોનારા રાજદ્વારી ડોનાલ્ડ લૂને મળ્યા હતા. ડોનાલ્ડ લૂને સત્તાપલટો કરવામાં નિષ્ણાત માનવામાં આવે છે અને પાકિસ્તાનથી લઈને બાંગ્લાદેશ સુધીની સરકારો બદલવામાં તેમની ભૂમિકાની ચર્ચા થાય છે. આટલું જ નહીં, જ્યારે ઈમરાન ખાને પાકિસ્તાનમાં પોતાની સરકાર પડી ગયા બાદ અમેરિકા પર આરોપ લગાવ્યા તો તેમણે ખુલ્લેઆમ ડોનાલ્ડ લૂનું નામ લીધું હતું.

# શિમલા મસ્જિદ વિવાદ : ઉગ્ર પ્રદર્શન બાદ વેપારીઓ રસ્તા પર ઊતર્યા, હનુમાન ચાલીસાનો કર્યો પાઠ

હિમાચલ પ્રદેશની રાજધાની શિમલાના ઉપનગર સંજૌલીમાં વિવાદિત મસ્જિદને લઈને ચાલી રહેલો વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. બુધવારે સંજૌલીમાં હિંસક પ્રદર્શન બાદ શહેરના વેપારીઓ ગુરુવારે શિમલાના રસ્તા પર ઉતરી આવ્યા હતા. મસ્જિદમાં ગેરકાયદે બાંધકામનો વિરોધ કરી રહેલા લોકો પર પોલીસે કરેલા લાઠીચાર્જથી વેપારીઓ આંદોલનના માર્ગે ઉતરી આવ્યા છે. વેપારીઓએ વિરોધમાં રેલી કાઢી હતી અને રસ્તા પર હનુમાન ચાલીસાના પાઠ કર્યા હતા.સંજૌલીમાં હિન્દુ સમુદાયના ઉગ્ર પ્રદર્શન ઘણા વેપારીઓ સામેલ થયા હતા. લાઠીચાર્જમાં કેટલાક વેપારીઓ ઘાયલ થયા છે. લાઠીચાર્જથી નારાજ વેપારીઓએ પોતાની દુકાનોને તાળા મારીને વિરોધ નોંધાવ્યો હતો. શિમલા વ્યાપાર મંડળના આહ્વાન પર વેપારીઓએ શેર-એ-પંજાબથી લોઅર બજાર થઈને ડેપ્યુટી કમિશનરની ઓફિસ સુધી વિરોધ રેલી કાઢી હતી. વિરોધ કરી રહેલા વેપારીઓએ શિમલા એસપીને બરતરફ કરવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. વેપારીઓનું કહેવું છે કે, વિરોધ કરી રહેલા હિંદુઓ પર પોલીસ લાઠીચાર્જ કરે તે કોઈપણ રીતે યોગ્ય નથી.

વિવાદાસ્પદ મસ્જિદના કારણે ચર્ચામાં આવેલ સંજૌલીનું આખું બજાર સતત બીજા દિવસે પણ બંધ રહ્યું છે. લાઠીચાર્જના વિરોધમાં ઉપનગરોના વેપારી મંડળોએ પણ દુકાનો બંધ રાખી છે. ધાલી, ટુટૂ અને બાલુગંજ ઉપનગરોમાં પણ દુકાનોના તાળા લાગેલા જોવા મળ્યા હતા.

શિમલા વેપારી મંડળના પ્રમુખ સંજીવ ઠાકુરે જણાવ્યું છે કે સંજૌલીમાં હિંદુ સમુદાય પર લાઠીચાર્જની ઘટનાના વિરોધમાં સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી દુકાનો બંધ રાખવામાં આવી હતી. તેમણે કહ્યું કે 'આ માત્ર ત્રણ કલાક માટે બંધ કરવામાં આવ્યું છે અને તેના દ્વારા અમે અમારો અવાજ પ્રશાસન સુધી પહોંચાડવા માંગીએ છીએ.'

તેમણે કહ્યું કે, 'સ્થાનિક વેપારી અને શિમલા શહેરી વિસ્તારના ભાજપના વિધાનસભા ઉમેદવાર સંજય સૂદ પણ સંજૌલીમાં થયેલા લાઠીચાર્જમાં ઘાયલ થયા છે. તેના મોઢા પર ઈજાના નિશાન છે. અને સંજય સૂદ સહિત અન્ય નેતાઓ પર લાઠીચાર્જ કરવો ખૂબ નિંદનીય છે. બહારના રાજ્યોના લોકો જે પોતાની ઓળખ છતી કર્યા વિના અહીં વેપાર કરી રહ્યા છે તેમની સામે કડક કાર્યવાહી થવી જોઈએ. તેમણે વહીવટીતંત્રને ચેતવણી આપી હતી કે જો આમ કરવામાં નહીં આવે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# જૂનાગઢ શહેર હવે ખાડાગઢ બની ગયું છે!!

જૂનાગઢ શહેરમાં છેલ્લા બે વર્ષથી ગલીઓ સોસાયટીઓ અને મેઈન રસ્તાઓની હાલત અત્યંત ખરાબ પરિસ્થિતિમાં છે. જ્યાં હાલ જૂનાગઢમાં એલ.પી.જી પાઈપલાઈનનું કામ પૂર્ણ થયાંને ઘણો સમય વિતી ગયો છે. ગેસ પાઈપલાઈનની સાથે જ ગટરોનું પણ કામ કરવામાં આવ્યું હતું. આ બનેં કામો પૂર્ણ થયા પછી રસ્તાઓ ને તત્કાલ સરખા કરવાના બદલે જ્યાં ખાડાઓ ખોદયા હતા ત્યાં કાં તો કાકળા ભરી દેવામાં આવે છે કાં તો પછી એ જ ખાડા ને ફરી વખત ભરી દેવામાં આવે છે. બસ આવી જ રીતે જૂનાગઢના ઘણા વિસ્તારોનાં રસ્તાઓ નો સત્યાનાશ થઈ ચૂક્યો છે ને હાલ જૂનાગઢના લોકો ને ખુબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. જ્યારે વાત કરીએ જૂનાગઢના મજેવડી



દરવાજા વિસ્તાર થી સુભાષ એકેડમીના રસ્તાનું તો આ રસ્તાનું કામ છેલ્લા બે વર્ષથી અટકેલું છે. અને આ ખરાબ ડબલ પટ્ટી રોડ હોવાથી અને રોંગ સાઈડમાંથી અમુક વાહનો પસાર થતાથી વાહનચાલકોને અને લોકોને ખુબજ ભય નો સામનો કરવો પડે છે અને અકસ્માત થવાનો પણ ડર રહે છે.જ્યાં ખમધ્રોળ રોડનું રેલવે ફાટક બંધ થયા બાદ આ રસ્તા પર ખુબ જ ટ્રાફિક જામ થઈ જાય છે. રસ્તો અત્યંત ખરાબ હોવાથી અને ફાટક પર અટકતા વાહનોના ટ્રાફિક સહિત વાહનચાલકોને અને લોકોના સમયની બરબાદી થઈ રહી છે. પરંતુ આ ખરાબ રસ્તાઓનું કામ ગોકળગાયની ગતિ કરતા પણ ધીરે થઈ રહ્યું છે.

હાલ નવરાત્રી અને તહેવારો નજીક આવી રહ્યા છે. આવી જ રીતે જૂનાગઢના બજારોના રસ્તાઓની હાલત પણ અત્યંત ખરાબ પરિસ્થિતિમાં છે. પરંતુ કુંભકર્ણ નિંદ્રામાં સુતું તંત્ર હજુ સુધી નિંદ્રા અવસ્થા માંથી બહાર નથી આવ્યું અને

હવે આ કુંભકર્ણ નિંદ્રામાં સુતા તંત્રની શુભ સવાર થાય અને આ પવિત્ર ગિરનારી ભૂમિ જૂનાગઢના રસ્તાઓ ક્યારે સરખા થાય તેની જનતાની માંગ કરી રહી છે.

## તંત્રી લેખ.....

# ઈન્સ્યોરન્સ કંપનીઓ માટે નવા નિયમો લાગુ કરવાની ડેડલાઈન પૂર્ણ થવાના આરે

ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈફ્રછૈ)એ હાલમાં જ પોલિસીધારકો માટે સુલભતા પ્રદાન કરતાં અનેક મોટા નિર્ણયો લીધા છે. જેમાં લાઈફ, હેલ્થ અને જનરલ સહિત તમામ પ્રકારના ઈન્સ્યોરન્સ સામેલ છે. નવી હેલ્થ પોલિસી સંબંધિત નવો નિયમ ૧ એપ્રિલથી લાગુ થઈ ચૂક્યા છે. ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસે નવા નિયમો લાગુ કરવા માટે ૩૦ સપ્ટેમ્બર સુધીનો સમય હતો. ઈન્સ્યોરન્સ કંપનીએ એક કલાકની અંદર જ કેશલેસ ઓથોરાઈઝેશનની અરજી મંજૂર કરવી આવશ્યક છે. નવા નિયમો હેઠળ હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થયાના ત્રણ કલાકની અંદર ફાઈનલ ઓથોરાઈઝએશન મંજૂર કરવુ પડશે.ઈન્સ્યોરન્સ કંપનીઓ અનુસાર, નવા નિયમો લાગુ થવાથી પ્રીમિયમમાં ૧૦થી ૧૫ ટકાનો વધારો થયો છે. મોટાભાગની કંપનીઓએ આ વર્ષે હેલ્થ પોલિસીના પ્રીમિયમ વધાર્યા છે. નવા નિયમો અંગે સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સના એમડી અને સીઈઓ આનંદ રોયે કહ્યું કે,"ઈફ્રછૈએ ગ્રાહકોના હિતમાં માસ્ટર સર્ક્યુલર રજૂ કર્યું છે. જેમાં પોલિસીનું કવરેજ અને વેઈટિંગ પિરિયડ અંગેની સ્થિતિ સ્પષ્ટતા કરવામાં આવી છે." ઈફ્રછૈ સ્વાસ્થ્ય ઈન્સ્યોરન્સના સંદર્ભમાં વસ્તુઓને સરળ બનાવી રહ્યું છે. આ માટે પોલિસીધારકોએ થોડી વધારે કિંમત ચૂકવવી પડે છે

# કોણ ચડે ?

'અરે, મ્મ્મી આજે 'ગુલુ'ને ખાવાનું આપ્યું"?

નાનો ટીકલુ મમ્મીને પૂછી રહ્યો હતો.

'હા બેટા'.

'મમ્મી, ચિઝ ઉમેરી હતી કે ભૂલી ગઈ' ?

'અરે, હું ક્યારે પણ ભૂલી છું '?

'હા, મમ્મી ખોટું ન બોલ તું ઘણિવાભિૂલી જાય છે'.

'સારું.

નાની, સોફામાં બેઠી હતી. મા દીકરાનો સંવાદ સાંભળી મનમાં મુસ્કુરાઈ રહી. વિચારી રહી, 'શું જમાનો આવ્યો છે'? મારે પાણી જોઈતું હોય તો આપે તો ખરા પણ પોતાની ફુરસદે. ગુલુનું તો ઘરમાં કાંઈ માન છે. હજુ એક વર્ષ પહેલા આવ્યો છે.
અચાનક નાનીને ઝરણાનું બાળપણ યાદ આવી ગયું. નાની હતી ત્યારે સહુ પ્રથમ ગાયને બે રોટલી આપે. કૂતરાને બે રોટલી આપે. પક્ષીઓને ચણ નાખવાનું કદી ન ભૂલે. જો કોઈ ગરીબ બારણે આવે તો જમતા, ઊભી થઈ તેને પહેલું ખાવાનું આપે, તેના બાળપણના સંસ્કાર આજે હકિકતમાં પરિણમ્યા છે. ઘરમાં કૂતરાને ખૂબ સરસ રીતે રાખે છે.

ગલીને નાકે શાળા હતી. સાત વર્ષની એકલી ચાલતી જાય. ગલીમાં બધા તેને ઓળખે. અરે એક વાર તેનું ધ્યાન નહતું ને સાઈકલ સવાર પૂર ઝડપે જઈ રહ્યો હતો. તેનો મિત્ર કૂતરો આ જોઈ ભસ્યો અને ઝરણા તરત બાજુમાં ખસી ગઈ. આ પ્રેમ એક ઘેલછા થૈ જશે એવી ખબર ન હતી. અખો દિવસ બધાને ઘરમાં ગુલુની ચિંતા.

નાની વિચારી રહી, 'મારે ચા માંગવી પડે. કોઈને યાદ ન હોય કે બપોરના ચાર વાગ્યા, નાનીને ચા સાથે બિસ્કિટ આપીએ. ખેર, ઝરણા હવે ઘર ગૃહસ્થિ સરસ રીતે સંભાળે છે. નાનીને બે દીકરીઑ હતી. મોટી લગ્ન પછી પહેલી સુવાવડમાં વિદાય થઈ. બાળક અને મા બંને બચ્યા નહી. ઝરણાના પિતા ગયા પછી નાની એકલી હતી.

ગયા વર્ષે તેની તબિયતના કારને ઝરણાને બે વાર ગામ જવું પડ્યું આ વખતે ગઈ ત્યારે સૂચના મળી હતી,નાનીને મુંબઈ લઈને પાછા જવાનું. ઝરણાનો સાગર છ વર્ષનો અને દીકરી બે વર્ષની હતી. ઘરમાં તેમને માટે આખા દિવસની બાઈ રાખી હતી. 'મા' સાથે હોય તો બાળકોને સંસ્કાર સારા મળે.
નાનીને થતું જમાઈને કેવું લાગશે ! 'મા તેમણે જ મને સખત ચેતવણી આપીને મોકલી હતી. ઝરણા બોલી મા, વિશાલ તેના માતા અને પિતાને પણ ખૂબ આદર આપે છે. મા, તે તેમનો રુમ જોયો છે. હંમેશા તેને સજાવેલો હોય.' જ્યારે પણ આવે ત્યારે પ્રેમથી રહે. ખુશ થઈને જાય. તેમને ગામની જિંદગી ગમે છે. તેથી અંહી કાયમ રહેવા આવતા નથી.

એવામાં સાગર 'ગુલુ'ને લઈને આવ્યો.

'નાની ગુલુને લાડ કર એને તું બહુ ગમે છે. ' કહી ગુલુને હોઠ પર બચ્ચી ભરી.

હવે જે કૂતરાને અડી સાબુથી હાથ ધોતી હોય એવી નાનીના શું હાલ થયા હશે વિચારવું રહ્યું.

આવા રોજ નવા નાટક જોઈ નાની શાંત થઈ જતી હતી. આજે તો સાગરે માઝા મૂકી. ગુલુ દોડીને આવી નાનીના હાથ અને પગ ચાટવા લાગ્યો. ગુલુ કૂતરો છે. નાની જાણતી હતી. તેને કઈ રીતે આવું કરતો રોકવો તે એને ખબર ન હતી. નાનીએ ગુલુને જોરથી તમાચો દીધો.

સાગર શાળાએથી ઘરમાં પ્રવેશતો હતો. નાનીને થપ્પડ મારતી જોઈ બરાડ્યો. 'નાની તું શું કરે છે? ગુલુ આપણા ઘરનો સભ્ય છે'.
છેલ્લા કેટલા દિવસોથી બાંધેલો સંયમનો બંધ નાનીથી તૂટી ગયો. "સાગર બેટા એ તારા ઘરનો સભ્ય હશે મારા કુટુંબમાં કૂતરો ઘરનો દીકરો કે દીકરી ન હોય સમજ્યો'!
ગુલુ નાનીને એકીટશે તાકી રહ્યો !

પ્રવિણા,કડકીયા,અમેરીકા

# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનમાં ગઝલકાર શ્રી અદમ ટંકારવી સાથે ઉજવાયો ગઝલોત્સવ










બેઠક નં. ૨૬૦: સપ્ટે.૨૦૨૪: અહેવાલ: દેવિકા ધ્રુવ:
તસ્વીર સૌજન્ય: શ્રી જયંત પટેલ અને શ્રી ફૈયાઝ ખાંધિઆ.
ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની ૨૬૦મી બેઠક, ૭મી સપ્ટે.૨૦૨૪ને શનિવારે, ઑસ્ટીન પાર્કવે, સ્યુગરલેન્ડના ક્લાઈડ અને નેન્સી કૉન્ફરન્સ સેન્ટર ખાતે યોજાઈ ગઈ. આ બેઠકના મુખ્ય મહેમાન હતા યુકે.થી પધારેલ, સુવિખ્યાત ગુજલીશ ગઝલકાર શ્રી અદમ ટંકારવી. ગણેશચતુર્થીના તહેવારની ઠેકઠેકાણે ઉજવણી હોવા છતાં હાજર રહેલા સભ્યોની સંખ્યા નોંધપાત્ર હતી.
પ્રણાલિકા મુજબ સંસ્થાના સચિવ શ્રી નરેન્દ્ર વેદે જરૂરી સૂચનાઓ અને માહિતી આપ્યા બાદ, શ્રીમતી જ્યોત્સના વેદ દ્વારા ગણેશ અને સરસ્વતી વંદનાથી શુભ શરૂઆત કરવામાં આવી. પ્રમુખ શ્રી નિખિલ મહેતાએ સૌનું સ્વાગત કરી 'ગણેશચતુર્થી અને સાહિત્ય' વિષયક પ્રાસંગિક વક્તવ્ય આપ્યું. તે પછી શ્રીમતી દેવિકા ધ્રુવે સંસ્થાની સ્થાપનાના આ મહિનાની યાદ સાથે, શ્રી અદમભાઈના જન્મદિવસનો મહિનો હોવાની પણ જાણ કરી, તેમનો સાહિત્યિક પરિચય આપ્યો. શ્રી અદમ ટંકારવીના એક કાબિલેદાદ શેર સાથે બેઠકનું વાતાવરણ જમાવતી એક ઝલક રજૂ કરી કે:
બાઈબલ ખોલું ને સીતા નીકળે
ખિસ્સામાંથી પણ ફરિશ્તા નીકળે.
ઝેર તો બીજું જ કોઈ પી ગયું
ખાલી પ્યાલીમાંથી મીરાં નીકળે..
ડો. કોકિલા પરીખે પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ, સભાજનોની તાળીઓના ગડગડાટ અને આવકાર સાથે શ્રી અદમભાઈએ મુશાયરાનો પ્રથમ દોર શરૂ કર્યો.
આરંભમાં જ શબ્દનો મહિમા વર્ણવતા તેમણે એક પછી એક નામાંકિત ગઝલકારોના શેર દબદબાપૂર્વક રજૂ કર્યા કે: મનોજ ખંડેરિયા કહે છે કે,
રસમ અહીંની જુદી,નિયમ સાવ નોખા,
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા.
અમૃત ઘાયલનો શેર કે ''શબ્દોની આરપાર જીવ્યો છું, હું ધારદાર જીવ્યો છું.
આમ ઘાયલ છું અદનો શાયર પણ સર્વથી શાનદાર જીવ્યો છુંપ
કવિનો શબ્દ કેવો જાદૂ જેવો હોય છે તેના અનુસંધાનમાં ખલીલ ધનતેજવી, મનહર ચોક્સી, રમેશ પારેખ,શોભિત દેસાઈ વગેરેના ચોટદાર શેર, શ્રોતાઓ મંત્રમુગ્ધ બની સાંભળતાં હતાં. તે પછી આ નમ્ર શાયરે પોતાની ગઝલના શેર પ્રસ્તૂત કર્યા. ઈંગ્લૅન્ડમાં ગુજરાતીની સ્થિતિ અંગે કહેતાં જણાવ્યું કે,
''વેમ્બલીમાં લડખડે છે ગુર્જરી, જીન્સ પહેરીને ફરે છે ગુર્જરી.
અને
તું ગુજરાતીમાં જો 'આવો' કહે છે, તો મારા કાને એક ટહુકો પડે છે.
તું ગુજરાતીમાં જો વાતો કરે છે, તો તારા હોઠથી ફૂલો ઝરે છે.
સાદી સીધી બોલચાલની ભાષામાં લખાયેલા તેમના શેર ભાવકોને આનંદ આપતા હતા અને તેમાં પણ આછા હાસ્ય સાથે એમણે સુરતી બોલીમાં, 'હારુ અંઈ હુરત જેવું ની મલે' શરૂ કર્યું અને તે પછી રઈશ મનીઆરને યાદ કરી તેમના થોડા જાણીતા શેર અને અમદાવાદની લાક્ષણિક ખાસિયતોના શેર સંભળાવ્યા ત્યારે તો સભાગૃહમાં હાસ્યનાં મોજાંઓ ફર્યે જતાં હતાં.
તે પછી બીજો જામ ખોલ્યો જીવન વિશેનો.
'સોમવારે પારણું બંધાય છે,
બોખાં દાદીમા હરખાય છે' એવા મત્લાથી ઉઘાડ કરી મંગળ,બુધ,ગુરુ,શુક્રવારના શેરો સંભળાવી શનિ-રવિવાર વિષે કહ્યું કે:
થાક લાગે છે શનિવારે બહું,
ને કબરમાં ટાંટિયા લંબાય છે.
હા રવિવારે તો છુટ્ટી પાળીએ,
ત્યાં જ મૃત્યુઘંટ વાગી જાય છે.
જીંદગીની કેટલી મોટી વાસ્તવિકતા સહજ રીતે સમજાવી દીધી. જીંદગીના રસ્તાને 'ઘરથી કબર સુધી' કહેનાર' બેફામ' સાહેબને પણ યાદ કરી જ લીધા તો સાથે સાથે વાતાવરણમાં જરાયે ભાર ન રહે તે આશયથી તરત જ સિફતપૂર્વક, મુંબઈના મુશાયરાની વાતો તરફ વળ્યા. જ્યોતિન્દ્ર દવેની રમૂજભરી પંક્તિઓને રસિક રીતે પ્રસ્તુત કરી. તે પછી વરસાદ, દિલ વગેરે ગઝલકારોના મનગમતા વિષયો છેડ્યા. રમેશ પારેખ, કૃષ્ણ દવે, રાજેન્દ્ર શુક્લ, મરીઝ, મુકુલ ચોક્સી, જલન માતરી, સૈફ પાલનપુરી, આદિલ મનસુરી વગેરે શાયરોના શેર મસ્તીથી રજૂ કર્યા. અમેરિકન અનુભૂતિ વિશે તેમણે ન્યૂયોર્કના પટેલો અને મોટેલોના વિસ્તારની,જનરેશન ગૅપની અને બે સંસ્કૃતિઓની મથામણની ઝલક દર્શાવતા શેર સંભળાવ્યા.
ભલે યુકે.માં વસીએ અમે,
પણ અવળચંડા એવા અમે
હશે ડોરબૅલ તોયે બારણાં
ખટખટાવીએ છીએ અમે.
મઝાના આ પ્રથમ દોર પછી સ્થાનિક ૩-૪ સર્જકોએ પોતપોતાની એક કૃતિ રજૂ કરી. શ્રી પ્રકાશ મજમુદારે મરીઝની એક ગઝલ ગાઈ સંભળાવી. સૈદભાઈ પઠાણે 'મેરા ભારત'ની એક રચના હિન્દીમાં પ્રસ્તુત કરી. સંસ્થાના સ્થાપક શ્રી દીપક ભટ્ટે અદમ ટંકારવીની ગઝલનો આસ્વાદ ગુર્જરીમાં પ્રકાશિત થયેલ છે તેની જાણ કરી. દેવિકા ધ્રુવે અદમ ટંકારવીની એક ખૂબ જૂની ગઝલ 'બાગમા ક્યાં હવે મળે છે સનમ'ની સામે લખેલ પ્રતિગઝલ અને કેટલાક સ્વરચિત શેર રજૂ કર્યા.
થોડી મિનિટો પછી તરત જ ફરી પાછો બીજો દોર અદમભાઈએ મરીઝના શેરથી શરૂ કર્યો કે,
''ઘણા વર્ષો પછી આવ્યાં છો એનો એ પુરાવો છે.
જે મહેંદી હાથ ને પગ પર હતી એ કેશ પર લાગી.''
એની સાથે કેટલીક લાગણીની, હૃદયની,પ્રેમની અને જીવનની ગઝલોની વાત કરી જેમાં શ્યામ સાધુ, ર.પા. અને મરીઝ વગેરેને વારંવાર યાદ કરી અદમભાઈએ હઝલો સંભળાવી. પોતાની ગુજલીશ ગઝલો,ભાષાભવનની ગઝલ,હ્યુસ્ટનમાં લખાયેલ ગઝલ વગેરેના જામ અવનવી ઢબે ઉઘડતા ગયા અને શ્રોતાજનોનો કેફ વધારતા રહ્યા. આ રહ્યા તેમાંના કેટલાક ઘૂંટ:
છે તોર એનો એવો કોઈની પડી નથી.
ગામમાં જાણે કે બીજી છોકરી નથી.
એને તેં એટલી તો ફટવી દીધી 'અદમ',
આ ગઝલ કોઈને હવે ગાંઠતી નથી.
અમથી અમથી 'હોપ'લઈ બેસી રહો
મોંમાં લૉલિપૉપ લઈ બેસી રહો.
ગુર્જરીના કોડ પૂરા થઈ ગયા,
લ્યો ગઝલના હાથ પીળા થઈ ગયા.
એના પાયામાં પડી બારાખડી
ચોસલાંથી શબ્દોનાં ભીંતો ચણી
એક તત્સમ બારણું પ્રવેશનું
સાત ક્રિયાપદની બારી ઊઘડી.
સમય સરતો જતો હતો. સાંજના ૪.૧૫ વાગ્યાથી શરૂ થયેલ મુશાયરામાં ક્યાં ૭ વાગી ગયા, ખબર પણ ન પડી.
જુદાજુદા ઘણા વિષયોને આવરી લેતા, ટૂંકી બહેરના શેર થકી, અદમભાઈ સૌના મનમાં અમીટ છાપ મૂકતા ગયા. ગઝલ અને હઝલની વચ્ચે એક વિશાળ વ્યાપ ખોલી ગયા. તેમની ગઝલોમાં તેમના સ્વભાવ જેટલી સાદગી અને સરળતા. શબ્દો સ્વાભાવિકપણે સાવ બોલચાલની ભાષાના. તેમ છતાં ભાવો અને અર્થોમાં ઊંચાઈ અને ઊંડાણ સ્પર્શી ગયાં. ડાયસ્પોરિક સંવેદનાઓને સ્મિતની પીંછીથી સજાવેલ આ કાર્યક્રમ કલાત્મક બની રહ્યો. અદમભાઈના કવિકર્મને, સતત કંઠસ્થ રજૂઆતને અને યાદશક્તિને સલામ.
સમાપનમાં આભારવિધિ, અન્ય ઔપચારિક વિધિ અને અસ્સલ ગુજરાતી ભોજન પછી સૌ ભાઈબહેન આ મજેદાર મુશાયરાની ઘેરી અસર પામી છૂટાં પડ્યાં..ભોજન સ્પૉન્સર કરનાર શ્રી હસમુખ દોશી અને સ્વ.નવીન બેંકરની સ્મૃતિમાં, બેંકર પરિવાર તરફથી અનુદાન કરનાર દેવિકા ધ્રુવ અને ડો.કોકિલા પરીખ હતાં. આમંત્રિત મહેમાન ગઝલકારના યજમાન બનેલ શ્રી ફૈયાઝ ખાંધિઆને સલામ.
૨૬૦મી આ બેઠક યાદગાર બની રહેશે.
અસ્તુ. દેવિકા ધ્રુવ

# શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૫ મો સાર્વજનિક ગણેશોત્સવ રંગમંચ, સેક્ટર -૨૨ ખાતે ઉજવાઈ રહ્યો છે,




શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૫ મો સાર્વજનિક ગણેશોત્સવ રંગમંચ, સેક્ટર -૨૨ ખાતે ઉજવાઈ રહ્યો છે, જેમાં સમિતિ દ્વારા તા: ૧૧:૦૯:૨૦૨૪ના રોજ રાત્રે ગુજરાત યોગ એન્ડ કલ્ચરલ એસોસિએશન દ્વારા શ્રી રામુભાઇ જાડેજા ના માર્ગદર્શન હેઠળ યોજાયેલ ખાસ ભાવનગર થી પધારી તેમની ટીમ દ્વારા યોગ અંગે ના ખુબજ ઉપયોગી આસનો અને ક્રિયાઓ નું પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેમજ યોગ ની સાચી સમજણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું આ પ્રસંગે સમિતિના આયોજકો દ્વારા આ કાર્યક્રમ માટે ખાસ કરીને વિદ્યાર્થી ઓ તથા યુવા વર્ગ ને આમંત્રણ અપાયુ હતું અને બાળકો - યુવનો એ અત્યંત વિશાળ સંખ્યા ભાગ લીધો હતો અને ક્રાયક્રમ ને સફળ - સાર્થક બનાવ્યો હતો

ગાંધીનગર ના આ લોકોત્સવ માં 'ગાંધીનગર ચા રાજા' શ્રી ગણેશજી ની પૂજા - આરતીમાં ગૂજરાત પ્રદેશ કોંગ્રેસ ના પ્રમૂખશ્રી શક્તિસિંહ ગોહિલ, પુર્વ ગૃરાજ્યમંત્રી શ્રી મહેન્દ્રભાઇ ત્રિવેદી તેમજ ગાંધીનગરના કલ્ચરલ ફોરમ ના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાંત જહાં, કોંગ્રેસ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ તેમજ સમસ્ત ગૂજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષા ના પદાધિકારી શ્રી અશ્વિન ભાઇ ત્રિવેદી શ્રી સુનીલભાઈ ત્રિવેદી અને યુવા પ્રમૂખ શ્રી સ્મિત વ્યાસ ઉપરાંત સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ના ઉપપ્રમુખ શ્રી બાબુભાઈ પાનેલિયા, ધર્મેશ ભાઇ પાનેલિયા, મંત્રીશ્રી કિરીટભાઈ પટેલ વિરાલભાઈ રાદડીયા પરાશર સવાણી તેમજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ મિત્ર મંડળ ના પ્રમૂખ શ્રી જયંતીભાઈ વઘાસિયા તેમજ વૈષ્ણવ સમાજ ના અગ્રણી શ્રી મુકેશભાઈ શાહ તેમજ પનઘટ કલા સંસ્થા ના સંચાલક શ્રી ભાવિન પટેલ ઉપસ્થિત રહ્યાં હતા તેમજ આજરોજ ઉમિયા ફર્નિચરના માલિક શ્રી પરેશ ભાઈ પટેલ દ્વારા પ્રસાદ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ સફળ બનાવ માટે શૈલેન્દ્રસિંહ બિહોલા યુવરાજસિંહ રાણા, વૈભવ જાની, મિતુલ જોષી, રાકેશ જાની, મુકેશ મારૂ, અશ્વિનભાઈ દવે અને સાથી સમિતિ ના કાયકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ઈન્દોરમાં પિકનિક મનાવવા ગયેલા ૨ આર્મીના જવાનો પર હુમલો, મહિલા સાથે ગનપોઈન્ટ પર ગેંગરેપ

મધ્યપ્રદેશના ઈન્દોર જિલ્લામાંથી એક ચોંકાવનારા સમાચાર સામે આવી રહ્યા છે. મંગળવારે મોડી રાત્રે પિકનિક મનાવવા ગયેલા બે યુવાન આર્મી જવાનો અને તેમની બે મહિલા મિત્રો પર બદમાશો દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. તેમાંથી એક મહિલા સાથે ગેંગરેપ થયો હોવાના સમાચાર પણ સામે આવી રહ્યા છે. આર્મીના જવાનો સાથે થયેલી આ ઘટનાથી દરેક લોકો હેરાન રહી ગયા છે. પોલીસે આ સમગ્ર મામલે કેસ નોંધી લીધો છે અને બદમાશોની તલાશ શરુ કરી દીધી છે.ઈન્દોર જિલ્લામાં પિકનિક મનાવી રહેલા બે આર્મી જવાનો અને તેમની બે



મહિલા મિત્રો પર હુમલો થયો અને તેમાંથી એક મહિલા સાથે ગનપોઈન્ટ પર ગેંગરેપ કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે જણાવ્યું કે, બન્ને આર્મી જવાનો મહૂ છાવણી શહેરના ઈન્ફન્ટ્રી સ્કૂલમાં 'યંગ ઑફિસર્સ' (રૂં) કોર્સ હેઠળ તાલીમ લઈ રહ્યા છે. તેઓ મંગળવારે પોતાની બે મહિલા મિત્રો સાથે પિકનિક મનાવવા માટે ગયા હતા.

પોલીસે જણાવ્યું કે, મંગળવારે મોડી રાત્રે લગભગ ૨:૦૦ વાગ્યે કેટલાક અજાણ્યા લોક મહૂ-મંડલેશ્વર માર્ગ પર સ્થિત પિકનિક સ્પોટ પર પહોંચ્યા. તેમણે કારમાં બેસેલા એક જવાન અને મહિલાઓને માર મારવાનું શરુ કરી દીધું. બીજો જવાન કારથી થોડે દૂર હતો તેણે કોઈક રીતે પોતાના વરિષ્ઠ અધિકારીઓને ઘટનાની જાણ કરી. ત્યારબાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી. પોલીસને જોઈને બદમાશો ત્યાંથી ભાગી ગયા હતા.

પોલીસ ચારેય પીડિતોને મેડિકલ તપાસ માટે મહુ સિવિલ હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. અધિકારીઓએ જોયું કે મહિલાન શરીર પર ઈજાના નિશાન હતા. મેડિકલ તપાસ બાદ જાણવા મળ્યું કે બદમાશોએ મહિલા સાથે દુષ્કર્મ આચર્યુ છે. પોલીસે જણાવ્યું હતું કે લૂંટ, દુષ્કર્મ અને હથિયાર સાથે સબંધિત (મ્દ્રજી) કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ચાર પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ બદમાશોની શોધ શરુ કરી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS No- 162**
વિષય- શૈશવના સંભારણા
શીર્ષક- રમતા દાદાની ડેલીયે
પ્રકાર - પધ, શબ્દ -૭૫

નિરાલુ હતું વતન મારું ઈ ફળીયા
માં હતું લીંબડાનું ઝાડ જુલો બાધતા લીંબડે જુલતા સૌ સાથ
યાદ આવે મને શૈશવની..
આંગણે હતુ ગાર ગોરમટીનુ લીંપણને હતા માથે દેશી નળીયા
કરતા ચુનાના ધોળા ચીત્રણ યાદ શૈશવની..
દફતર લઈને જતા નિશાળે કરતા ધીંગા મસ્તીખૂબ.ચણા
મમરા ખાતા રીશેસમા આવી
કરતા દફતરનો ઉલાળીયો..
ગામનો રસ્તો લઈ જતો મને ખેતરે પૈયામા બેસી ને જમતાં અમે
ભાત ધોરિયે થી લાવતા મુળો ઉપાડી તે માટીની મહેક..
ઘરને પછવાડે છે વાડી મારી
લિંબડી પીપળી રમતાને પડતા
વારમવાર તે શૈશવના સંભારણા
રહ્યા કાયમ..
અમને યાદ આવ્યા ઘર આંગણા અમને યાદ આવ્યા ઈ
ગામડા રે શૈશવની યાદ ખરે ખર તાજી થાય ગઈ..
રેખા નાકરાણી।।નવી મુંબઈ .

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 353**
વિષયઃ- અનમોલ શૈશવ ના સ્મરણો
શબ્દોઃ- ૩૫૦

શૈશવ એટલે જીવનનો અનમોલ અવસર જ્યાં બસ આનંદ,મૌજ ને મજા હતી. કોઈ ચિંતા નહીં કાલની બસ નિદોર્ષતા હતી. મિત્રો સાથે સ્કૂલ મસ્તી મોજ હતી. મહોલ્લામાં રમતો થકી કલશોર ને મસ્તી હતી. કિટ્ટા બુચ્ચા મનાવું રીસાવું એમાં સંબંધમાં મીઠાશ હતી.
નવી રમતોમાં કેવો આનંદ એમાં શરીરને કસરત હતી. સમયની ન પરવાહ હતી. જિંદગી મસ્તીમાં જીવાતી હતી.
એ બાળપણ ની ક્ષણો જીવનની સાચી મૂડી ને મિલકત હતી. સૌ સાથે સંપ ની ભાવના હતી. દાદા દાદી પાસે રાતે વાર્તાની નિંદર હતી. સવારથી જ રમતો ને સ્કૂલ પણ નવી ભણતર સાથે નવી રમતો ને મોજ હતી.
મહોલ્લામાં મસ્તી કરતા ગલીઓ ગુંજવતા જીવનની એ અનમોલ પળો મજાની હતી. શૈશવકાળ જીવનનો સૂવર્ણ અવસર હતો. જ્યાં નિખાલસતા ,વ્હાલ ને લાગણીઓમાં ભીનાશ હતી. એવી અનમોલ શૈશવની પળો હતી.
મોબાઈલ નહોતા છતાં પણ જીવન જીવાતું નિત નવી રમતો હતી. હાલનાં યુગમાં એ સમયનું શૈશવ નથી. એ યુગ આપણા પુરતો અનમોલ હતો. હાલના યુગમાં બસ મોબાઈલમાં જ બાળકો સીમિત બની ગયા છે. રમતો એ જુની ભુલાઈ ગઈ છે. કુદરત સાથે જીવતા એ જીવન ભુલાઈ ગયું. હાલતો બસ ભણતરનો બોજ ને ઘરની ચાર દિવાલોમાં ને મોબાઈલ જ બાળકોનું અનમોલ શૈશવ લુંટાઈ રહ્યું છે. સ્વભાવ પણ થી ચિડીયો થયો એવી નિખાલસતા નથી રહી. પહેલા ભણતર હતું એટલો બોજ નહોતો પણ ભણતર સાથે પણ કુદરત સાથે સંબંધ હતો એમાંથી પણ ઘણું શિખવા મળતું હતું.
હાલનાં યુગમાં શૈશવ બસ મોબાઈલમાં જ સીમિત થઈ ગયું છે. નથી એવી રમતો રહી હાલના યુગમાં બાળકોને ખબર પણ નથી કે આવી કોઈ રમતો હશે.
ભલે યુગ આધુનિક થયો પણ જીવનનો અનમોલ અવસર મારો શૈશવ કાળ જીવનનો સાચો ખજાનો હતો એવો ક્યાંય ન મળે ઘણીવાર એમ થાય કે ફરી એ સમય સમય આપે તો મારા શૈશવ ને પાછું માગું એવો અનમોલ અને જીવનમાં કરોડો કમાઈ લઈએ પણ એ શૈશવકાળ ફરી નહીં આવવાનો જીવનનો સાચો એજ હતો ખજાનો.
એટલે કહેવાનું મન થાય છે.
સમય પાસે સમય પાછો માગું છું.
ફરી મારું એ બાળપણ પાછું માગું છું.
કરોડો કમાઈ લવું છતાં એ બાળપણ પાછું ન જીવું.
ફરી મળે એ યાર મિત્રો તો એને ફરી અકબંધ કરી લવું.
જીવનનું એ અનમોલ નજરાણું ફરી જીવવા આશ રાખું.
ભલે શરીર ની ઉંમર વધે પણ હાલે એ શૈશવની અનમોલ પળો પાછી મળે તો જીવવા માગું છું.
પ્રકાશકુમાર.એમ.સોલંકી.????

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 202**
વિષયઃ શૈશવનાં સ્મરણો
શીર્ષકઃ "યાદ આવે છે"
પ્રકારઃ પદ્ય શબ્દોઃ૧૦૪

સ્મરણ કરતાં શૈશવનું, શાળાનાં સોનેરી દિવસો યાદ આવે
છે.
ભણતર-ગણતર, ધિન્ગામસ્તીનાં એ દિવસો યાદ આવે છે.

રમતાં હતાં ખોં-ખોં, માલદડી, લંગડીને વોલીબોલ,
શાળાની એ રમતો યાદઆવે છે.
ધમાલ કરતાં, પડતી સાહેબની સોટી,
લેશન ન કરતાં પડતી ટીચરની એ ફૂટપટ્ટી યાદઆવે છે.

પરિક્ષા પછી પડતાં વેકેશનની અનહદ ખુશી યાદ આવે છે.
વેકેશનનાં અંતિમ દિવસોમાં કરાતું એ લેશન યાદ આવે છે.

શાળા ખુલતાં, નજવાં કાઢવાંમાં આવતાં એ બહાના યાદ આવે છે.
મળતી નાની-મોટી રજાઓ અને મિત્રો સાથેની એ મસ્તિ યાદ આવે છે.

જે શાળામાં ભણ્યાં, એ શાળા અને શિક્ષકો યાદ આવે છે.
બોઝવિનાનાં બાળપણનાં એઅમૂલ્ય દિવસો યાદ આવે છે.
નામઃ ચિરાગ.એચ.શર્મા(ચિરંજીવ)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No: 194**
વિષય : શૈશવના સંસ્મરણો
શીર્ષક : મારા શૈશવના સંસ્મરણો
પ્રકાર : ગદ્ય, શબ્દ : ૨૯૫

જિંદગીનો સુવર્ણમય સમયે એટલે 'શૈશવ.' જવાબદારી વિનાનું,આનંદમય જીવન. જે કરીએ તેને બાલ્યસહજ માની સ્વીકારી લેવાય.કેવી મજા.
નાનપણથીજ હું ચાલવાની ચોર. રોતડુ મોઢું રાખી બે હાથ ઊંચા કરી લેવાના એટલે તેડીજ લે. મમ્મી-પપ્પા રોજ ચાલતા આંટો મારવા જતા. એજ સમયે હું સૂઈ જતી. પપ્પાએ જ્યારે ૧૯૭૫ માં સ્કુટર ખરીદ્યું ત્યારે મેં એકદમ આનંદિત થઈને કહેલું,આજે આપણે આંટો મારવા જઈશું.મમ્મી પપ્પા ખુશ થઈ ગયા અને બહાર નીકળતા મેં કીધું કેમ હવેતો સ્કૂટર પર જ આંટો મારવા જવાનું ને.!
હું બીજા ધોરણમાં હતી. મારા એક મિત્રએ કહ્યું આ સ્વેટરના બટનમાંથી સુગંધ આવે છે. મેં સૂંઘ્યું તો બટન નાકમાં ઘૂસી ગયું. મારા આચાર્યશ્રીએ મા બાપને જાણ કરતા પહેલા ડોક્ટરની એપોઈન્ટમેન્ટ લઈ લીધી હતી. મમ્મી પપ્પા સાથે હું ડોક્ટરના કિલનિક ઉપર પહોંચી.ડોકટરે બટન કાઢ્યું,અને મેં બટન બિન્દાસ પાછું માંગી લીધું.
વર્ષમાં એક વાર મુંબઈ મામાના ઘરે જવાનું. એ વખતે મારા નાનાના ઘરે ફ્રીજમા મારી બંગડીઓ ઠંડી થવા મૂકતી અને પછી પહેરતી. મુંબઈથી લાવતી ઘણી બધી વસ્તુઓ લઈને ઉઘડતા સત્રએ શાળામાં જઈએ ત્યારે વટ પડતો એનો આનંદ અનેરો હતો. મમ્મીની ઓફિસની ફેન્સી ડ્રેસ કોમ્પિટિશનમાં રાણી બની હતી. સોળે શણગાર સજવાના આનંદને અત્યારે ફોટો જોતા અનુભવું છું .
નવી સાયકલ ચલાવતા શીખી હતી. ઘરમાં ગાડી નહોતી એટલે સાઈડ સિગ્નલનું કોઈ જ્ઞાન નહીં. વળતી વખતે હાથ બતાવવો એવી સમજ હતી.હું વળતી વખતે નવી નકોર ગાડી જોડે ભટકાઈ ગઈ. જે અમારી સોસાયટીના એક મોટા એડવોકેટની હતી. એડવોકેટ અંકલ અને એના ડોક્ટર દીકરાએ મારી પ્રશંસા કરતા મારા પપ્પાને કહ્યું હતું. લખિયા સાહેબ તમારી દીકરી તો બરોબર વકીલ થવાની લાયકાત ધરાવે છે. અમારી સાથે એણે જે દલીલો કરી.. ખરેખર હું હારી ગયો એની સામે. ઘેર આઈને પપ્પાએ જે લબડધક્કે લીધી હતી.. એ હજીએ અથડાયેલા ર્ટનિંગ ઉપર યાદ કરું છું. એક છેલ્લી પંક્તિ સાથે હું મારા લેખનું સમાપન કરીશ.
" મળી જાય એ દિવસો પાછા તો...હજી પણ ચાહું એ જીવન જીવવા હું બની શિશુ."
નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:-226**
વિષયઃ- શૈશવનાં સ્મરણો
પ્રકારઃ- પદ્ય. શબ્દઃ-૫૩
શિર્ષકઃ- શૈશવની યાદો

?બહુ ઘૂંટ્યું હતું જે મારા બચપણે,
ભૂંસાઈ ગયું જુઓ એ તો યૌવને.

પાટી, પેણ અને કેટલાંક પુસ્તકો,
ઓજલ થવાનો આવ્યો છે વારો.

કક્કો, બારખડી ને આંકનાં પાડા,
સેલ ફોન ને કેલક્યુલેટરનો વારો.

નોટબુકો નિત દફ્તરે બિરાજતી,
કોમ્પ્યુટરને ચક્કરે વિતેલ વાતો.

નિત સાંભળતા પંચતત્રની વાતો,
ગૃહસ્થિ ચક્કરે વિસરાઈ વાતો.

સુભાષ ઉપાધ્યાય 'મેહુલ'અમેરિકા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***N. O. G. S. S, No. 0102*.**
★વિષય :- શૈશવના સંસ્મરણો★..
★શીર્ષક :- ભટ્ટજીનો નાસ્તો★.
★શબ્દઃ- ૨૮૦.★

★બેટ દ્વારકામાં એટલે કે બેટમાં દરિયાકિનારે હરિલાલ ભટ્ટની ફરસાણની અને મીઠાઈ ની દુકાન હતી★ . આ દુકાન મોટી હતી જેને બે બારણા હતા ,બીજે બારણેથી ગ્રાહકો અંદર નાસ્તો કરવા માટે આવતા . તેઓને માટે ટેબલ અને બાંકડા ગોઠવેલા હતા . આગળ જે મુખ્ય દ્વાર હતું ત્યાંથી વેપાર થતો હતો. આગળ થળો રાખવામાં આવેલો હતો . ★થળાની પાસે જ બે ખોખા રાખવામાં આવેલા હતા. જેમાં સેવ , તીખા, ફાફડા ગાંઠીયા વગેરે લાકડાના કાચથી મઢેલા ખોખામાં ભરવામાં આવેલા હતા. ખોખાના ઉપરના ભાગે મેસુબ, મોહનથાળ, જલેબી , પેંડાની થાળીઓ ગોઠવેલી હતી★ .

★અમારી ઉંમર માંડ ૯ વર્ષની આસપાસ હશે . એવા પાંચ છ મિત્રોને રોજ ભટ્ટજીની દુકાને સવારે નાસ્તો કરવા માટે જતા. ફાફડા ગાંઠિયા અને ગરમ ગરમ જલેબી , મરચા તળેલા અને સંભારો એ કાગળવામાં આપવામાં આવતા અને અમે ખાસ ખોખાની પાછળ બેસી અને નાસ્તો કરતા હતા★.
દુકાનમાં ગ્રાહકો ખૂબ હતા અને ભટજી તેને સંભાળવામાં પડેલા હતા. અમે પાછળ નાસ્તો કરતા અને સાથે સાથે ★ખોખાના ઉપરના ભાગમાં રાખવામાં આવેલી જલેબી, મોહનથાળ, બેસુબ , પેંડા જે હાથ આવે તે લઈ લઈ અને બેઠા બેઠા ખાધે રાખતા હતા અને આમ અમારો રોજનો ક્રમ હતો . જલેબી, ગાંઠિયા સાથે બીજી મીઠાઈનો પણ અમે લાભ લેતા હતા★.
એકવાર એક જણનો હાથ થાળીને લાગી ગયો અને આખી થાળી ભટજી ઉપર પડી ગઈ . તે પણ સફાળા ઊભા થઈ ગયા અને ★જ્યાં પાછળ જોયું તો અમે બધા મીઠાઈ ની મોજ માણી રહ્યા હતા★. . અમે તરત જ ભાગ્યા , પરંતુ એક જણ પકડાઈ ગયો , જેને ભટ્ટજીએ માર્યો અને ત્યાર પછી ઘણા વખત સુધી અમે દુકાને જવાનું બંધ કરી દીધું★
★અમે ચોરી કરી નાસ્તો કરીએ છીએ તે વાતનો ખ્યાલ જ ન હતો . આ તો શૈશવની સંસ્મરણોની વાત થઈ. આજે સમજાય છે કે અમે મોટો ગંભીર ગુનો કરી રહ્યા હતા★.
★રતીલાલ વાયડા★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0 :089**
વિષય -શૈશવ
શીર્ષક - ગુલાબી બાળપણ
પ્રકારઃ ગદ્ય
પ્રવિણા કડકિઆ

---

બાળપણની મસ્તીનાં દિવસો પર ચણાઈ આજની ભવ્ય ઈમારત. તોફાની રાણીના નામે પંકાઈ હતી. એ દિવસોની યાદમાં આજે પણ રાચવું ગમે છે.
વર્ગમાં પહેલી હરોળમાં બેસવું. ધ્યાન દઈને ભણવું જેને કારણે શિક્ષકોની માનીતિ. ગણિતનો એક્કો વિજ્ઞાનમાં વિશેષ દિલચસ્પી. રમત ગમત માટે સદા તૈયાર. ઘરમાં માને પણ કરતી સહાય .
પિતાજીની લાડલી ને જમણો હાથ. દુનિયાદારીથી દૂર ભણવા, ગણવામાં, કલાકૃતિમાં મસતાન.
તોફાનતો કેવા ૭ વર્ષની ઉંમરે પર્યટન પર ગઈ અને મોટું મસ પરાક્રમ કર્યું .
જોગેશવરીની ગુફા જોવા ગયા હતા. રાખનાં ઢગલા જોઈ અંદર કૂદી. ચીસ ન પાડતાં નીચે સળગતા અંગારા . બંને પગે દાઝી શિક્ષક મનુભાઈ ઉચકીને ઘરે લાવી મા સમક્ષ હાજર કરી.
બસ છ મહિનાનો ખાટલો આવ્યો. આખી જિંદગી આ પ્રસંગ ભૂલી નથી શકતી. છતાં તોફાન ઓછા થયા ન હતા.
શાળામાં નૃત્ય નાટિકામાં ભાગ લેવો. ઈનામો જીતવા , મા પિતાજી હરખાય.
માથું દુખે તો શું થાય આજની તારીખમાં પણ ખબર નથી. ચીંતા કરતા બાળપણમાં આવડતી નહી. આજે પણ એ હાલ છે.

બાળપણની મધુર યાદો વિશે લખવા બેસું તો નવલકથા લખાય. ટુંકમાં આથી ઝલક બતાવી.

બાળપણ મારું તો માણ્યું તેનાથી અધિક મારા બે દીકરાનું પણ માણ્યું તેનો સંતોષ છે. હવે ત્રણ પૌત્ર અને બે પૌત્રીઓનું બાળપણ માણી રહી છું
પ્રસંગોથી છલકાતું બાળપણ તાળી દઈ સંતાઈ ગયું .

# સમરથ કો નહીં દોષ ગુંસાઇ એ સત્ય ધ્યાને લઇને મહિલા ડોકટરને ચૂપચાપ માફી માંગી મામલો રફેદફે કરવાની સલાહ!!!

આપણી જનતા એમ માને છે કે નેતાને મત આપ્યો એટલે એ નેતા તેમનો ગુલામ થઇ ગયો. એ નેતાને અમૂલ્ય મતની કિંમતે ખરીદી લીધો. તમારો ધૂળજી ગામડે જાય એટલે નેતા ખભે ગમછો નાંખી તમારા ધરે કચરા-પોતા , વાસણ- કપડા કરી જાય. તમારા પગ દુખે તો ચરણચંપી કરે. તમારો નળ ટપકે તો પ્લમ્બર બની નળ રીપેર કરી જાય. તમારો લાઇટનો બલ્બ ( તમારો બલ્બ એટલે મગજ ઉડી જાય તેમ નહીં તેમ સમજવું નહી. જો કે તેની છૂટ છે!!) બલ્બ બદલાવી આપે.આ એક પરીકથા છે. જસ્ટ ફેરી ટેલ્સ!! મારો તમારો સૌનો અનુભવ છે કે ગ્રામ પંચાયતનો સભ્ય કે સરપંચ પોતાને સુપર પીએમ માને. ઉધ્ધતાઇ અને ગુરૂતાગ્રંથિ લગભગ વસિયતથી મળી હોય છે. સરપંચ કે પંચાયત ડેલિગેટ થયા પહેલાં તૂટેલી સાઇકલ ચલાવતો હોય અને એક ટર્મમાં તો મર્સિડિઝ બેન્ઝમાં ફરતો થઇ જાય. આ પદો આવનારી સાત પેઢીનું સાજું કરવાનો રાજમાર્ગ છે!!જૂના જમાનામાં રાજા રાત્રિના સમયે વેશપલ્ટો કરી- અંધારપછેડો ઓઢીને પ્રજાના હાલચાલ જાણવા જતા હતા.( માહિતી ખાતાને સાથે લઇ જતા. તેથી રાજાની પ્રતિભા સર્જન-મહિમા મંડન કરી શકાય) એક વાર રાજા દિવસે નીકળ્યા હતા. એક ખેતરમાં વૃધ્ધા શેરડીના રસનો ચિચોડો ચલાવતી હતી. રાજાને શેરડીના રસનો પ્યાલો આપ્યો. રાજાએ રસ પીતા જ બત્રીસ કોઠે દીવા થયા. વૃધ્ધા બીજો ગ્લાસ ભરવા માટે શેરડી કાપતી હતી તે સમયે રાજાએ વિચાર કર્યો કે મારા રાજની પ્રજા ખૂબ કમાય છે, પણ રાજ્યને ટેકસ ઓછો ચુકવે છે. એટલે ટેકસ વધારવો પડશે. રાજાની મથામણની શેરડીને ખબર પડી ગઇ કે શું? શેરડી પર વૃધ્ધાએ દાતરડું ઝીક્યું તો રસનું ટીપું ન નીકળ્યું, પણ વૃધ્ધાની આંખમાંથી આંસુ ટપક્યા . મનોમન વલોવાઇને ગ્રામ્ય માતા બોલી ,'' દયાહીન થયો નૃપ, રસહીન થઇ ધરા!!''

આ આપણા દેશમાં રાજાશાહી ગઇ અને લોકશાહી આવી. જોકે, લોકશાહીમાં પણ અમુક નેતાઓનો ઠાઠ અને જવાબ આપવાનો અંદાજ રાજાથી કમ નથી હોતો. અમુક નેતાઓ એવા સપનામાં રાંચતા હોય છે કે તેઓ તો રાજા છે. હકીકતમાં નગરરાજાઓ ( નગરસેવક એ પ્રાચીન સંકલ્પના અને વિભાવના છે. નગરરાજાએ લેટેસ્ટ ફંડા છે ડયુડ??)તરખાટ મચાવે છે!! એક નગરરાણી એ ગટરની સુવિધા માંગવા આવેલા ભિખારી-નાગરિકને સ્પષ્ટપણે કહી દીધું કે નગરસેવક મગાનગરપાલિકાનો વિથ ઓર વિધાઉટ ક્રાઉન કિંગ છે!! એની ડાઉટ??

કતારગામ વિસ્તારમાં કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી મુકાયેલા બાંકડા પર લાંચિયા શબ્દ ઉમેરાયો છે. ફિલ્મમાં જેવી રીતે મેરા બાપ ચોર હે લખાયું હતું તેવી રીતે કોર્પોરેટરની ગ્રાન્ટમાંથી બનેલા બાંકડા પર કોર્પોરેટને બદલે લાંચીયા શબ્દ લખી દેવાતા વિવાદ ઉભો થયો છે.

થોડા દિવસો પહેલાં જ આ જ નગરરાણી સાથે ઓવરટેક કરવા બાબતે રિક્ષાચાલકની જનરલ સર્વિસ કરી હતી . ન સમજ્યા? અરે રિક્ષાચાલકને ચૌદમુ રતન ચખાડેલું. મુફલિસ નાગરિકો નગરરાણી સાથે પંગો લે એ કેવી રીતે બરદાસ્ત થાય??સાલ્લું નાગરિકડું શું સમજે છે એના મનમાં? ચૂંટણી સમયે ચાવી ટાઇટ કરવા જનતા જનાર્દન કહી દીધું એટલે ગુનો કર્યો? સાલ્લી ઉંદરડી ખરલ ચાટી ગઇ તેમ કૂદાકૂદ કરવાનું??

અમદાવાદના નગરરાણીએ કોરાનાકાળમાં સ્વજનોને લાઇનમાં ઉભા રાખ્યા વિના પાછલા બારણેથી રસી અપાવી હતી. નગરરાણીના સ્વજનો શું લાઇનમાં ઊભા રહેવા માટે સગા બન્યા છે? તે જયાં ઉભા રહે ક્યાંથી લાઇન શરૂ થાય! વિશ્વાસ ન આવતો હોય તો મિલેનિયમ મહાનાયકન્ પૂછી લો!!

અમદાવાદમાં શહેરના કોર્પોરેટરે દબંગગીરી કરી છે. તેણે મહિલા ડોકટર સાથે દબંગાઇ કરીછે. કોર્પોરેટર પર મેડિકલ ઓફિસરને મોઢું પકડી પાણી પીવડાવ્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે.અલી બાઇ, લોકો તરસ્યા માટે પાણીની પરબો બંધાવે છે, તેણે તને પાણી પાઇને પુણ્યનું કામ કર્યું છે. તેણે શું ખોટું કર્યું છે? માનો કે ગંદું પાણી પાયું. દેશની પચ્ચીસ ટકા વસ્તીને ચોખ્ખું પાણી પીવા મળતું નથી. શહેરમાં ઘણી જગ્યાએ કોકાકોલા જેવું પાણી મળે છે. લોકો આવું પાણી પીવે છે. તો તું કાંઇ અપવાદ છે? બિચારા નગરરાજા પર આક્ષેપ, ધરણા, વિરોધ વગેરે નારી તરીકે શોભા આપે છે? એને સસ્પેન્ડ કરવાથી તને શું મળશે ? નારી સહનશક્તિની મૂર્તિ અને દેવી ગણાય છે!! નગરરાજા સમરથ છે . સમરથ કો નહીં દોષ ગુંસાઇ એવું તુલસીદાસ કહી ગયા છે!! ચૂપચાપ માફી માંગી લે અને કેસ રફેદફે કરી દે!!

ભરત વૈષ્ણવ

# દુઃખ હર્તા સુખ કર્તા ગણેશ દાદા

ભાદરવા સુદ ચોથને ગણેશ ચતુર્થી કે ગણપતિ ચોથ તરીકે ઓળખવામાં આવે છે. ગણપતિ રિદ્ધિ સિદ્ધિના સ્વામી કહેવાય છે. આપણે કોઈ પણ શુભ કાર્ય કરવું હોય તો સૌ પ્રથમ ગણપતિજીનું આવાહન તથા પૂજન કરવું પડે છે. કોઈ પણ મંગલ કાર્યક્રમ કે સમારોહની શરૂઆત હંમેશા શ્રી ગણેશ વંદના કે ગણેશજીના શ્લોકથી જ કરવામાં આવે છે. આથી ગણપતિને વિધ્નહર્તા પણ કહેવામાં આવે છે.
ગણપતિજીનું પૂજન કરવાથી તમામ પ્રકારના વિઘ્નો તથા સંકટો દૂર થઈ જાય છે. આમ તો ગણેશોત્સવ એ મહારાષ્ટ્ર રાજ્યનું પર્વ ગણાય છે, પરંતુ ધીમે ધીમે દરેક રાજ્યોમાં પણ ગણેશોત્સવનું મહત્ત્વ વધવા લાગ્યું છે. ગુજરાતમાં છેલ્લાં કેટલાંય વરસોથી દરેક નગર, ગલી તથા પોળોમાં ગણેશોત્ત્સવ બહુ ધૂમધામથી ઉજવવામાં આવે છે.
ગણેશ ચર્તુર્થીના દિવસે ગણપતિની મૂર્તિની ભક્તિભાવ પૂર્વક તથા વિધિવત સ્થાપના કરવામાં આવે છે. આબાલ વૃદ્ધો સૌ કોઈ આ ચૌદ દિવસ રંગે ચંગે આનંદ કરે છે. અનંત ચતુદર્શીના દિવસે ભારે હૈયે ગણપતિનું વિસર્જન કરીને ભાવભીની વિદાય આપવામાં આવે છે.

અનંત ચતુદર્શીના દિવસે ભાવિક ભક્તો ગણપતિ દાદાની મૂર્તિઓને સમૂહમાં ડૂબાડીને વિસર્જન કરે છે. સામાન્ય રીતે ગણેશજી વિષે જાતજાતની અને ભાતભાતની કથાઓ જોડાયેલી છે, પરંતુ ગણેશજીના વિવિધ નામો કેવી રીતે પડયા તેની માહિતિ નીચે મુજબ છે.
- પોતાની દૂંદ (ફાંદ) મોટી હોવાને કારણે દૂંદાળા દેવ તરીકે ઓળખાય છે.

- મસ મોટી તથા ભારેખમ કાયા ધરાવતાં હોવાથી મહાકાય તરીકે ઓળખાય છે.

- તેમનું ભાલ (કપાળ) ચંદ્ર સમાન તેજસ્વી અને જાજરમાન હોવાને કારણે ભાલચંદ્ર તરીકે ઓળખાય છે.

- પોતાની સૂંઢ એક તરફ વાંકી રહેતી હોવાને કારણે વક્રતુન્ડ તરીકે ઓળખાય છે.

- ગજ (હાથી) જેવું આનન (મોઢું) હોવાને કારણે ગજાનન તરીકે ઓળખાય છે.

- ગજ (હાથી) જેવા મોટા અને લાંબા કાન હોવાને કારણે ગજકર્ણ, સૂપકર્ણ કે લંબકર્ણ તરીકે ઓળખાય છે.

- પરશુરામ સાથેના યુદ્ધમાં બે દંતશૂળમાંથી એક દંત ખંડિત થયો હોવાથી એકદંત તરીકે ઓળખાય છે.

- ગણોના અધિપતિ હોવાને કારણે ગણપતિ, ગણનાયક, ગણનાથ , ગણાધિપતિ,ગણેશ કે ગણરાય તરીકે ઓળખાય છે.

- સઘળાં કષ્ટો, દુઃખ તથા વિઘ્નો દૂર કરતાં હોવાથી વિઘ્નહર્તા, વિઘ્નેશ્વરાય કે સંકટમોચન તરીકે ઓળખાય છે.
- તેમનો વાન (શરીર) બદામી ઘેરા રંગનો હોવાથી કપિલ તરીકે ઓળખાય છે.

- નમ્ર વિવેકી તથા વિનયી હોવાને કારણે વિનાયક તરીકે ઓળખાય છે.

- પોતાને ભોજનમાં મોદક અતિ પ્રિય હોવાથી મોદક સ્વામી તરીકે ઓળખાય છે.

- પાર્વતીજીના પુત્ર હોવાને કારણે પાર્વતી નંદન કે ગૌરી નંદન તરીકે ઓળખાય છે.

- સુર એટલે સર્વ દેવતાઓમાં પ્રિય અને ઈષ્ટ હોવાને કારણે સુરપ્રિયાય, સુરેશ કે સુરેશ્વર તરીકે ઓળખાય છે.

ગણપતિને રિદ્ધિ અને સિદ્ધિ નામની બે પત્નીઓ હતી તથા તેમના પુત્રોનાં નામ શુભ તથા લાભ હતાં. સમય જતાં શુભ તથા લાભ ચોઘડિયા તરીકે ગ્રહમંડળમાં પ્રસ્થાપિત થયા હતા. ગણપતિએ મુષક (ઊંદર) જેવા તુચ્છ પ્રાણીને પોતાનું વાહન બનાવ્યો છે.

ગણપતિને દુર્વા અતિ પ્રિય છે. મહર્ષિ વેદ વ્યાસ રચિત મહાભારત લખવામાં ગણપતિજીનો બહુ મૂલ્ય ફાળો છે. આમ ગણપતિજીએ વરસો અગાઉ લહિયા કે સ્ટેનો તરીકેની સેવા બજાવી હતી, તેથી એવું કહી શકાય કે ગણપતિ જ સૌથી પહેલાં વેદ વ્યાસના સ્ટેનોગ્રાફર હતા ત્યાર પછી સ્ટેનોની લિપિ વિકસી હતી.
દુઃખ હર્તા સુખ કર્તા વિધ્નેશ્વરને કોટિ કોટિ પ્રણામ.
યોગેશભાઈ આર જોશી

# લાખો માઈભક્તોની આસ્થાના અવસર ભાદરવી પૂનમ મહામેળાનો રંગેચંગે પ્રારંભ






શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં આજથી ૧૮ મી સપ્ટેમ્બર સુધી સાત દિવસીય ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૪ યોજાઇ રહ્યો છે. શક્તિ ભક્તિ અને આસ્થાના મીની કુંભ સમાન આ મહા મેળાની આજથી શરૂઆત થતી હોઇ જિલ્લા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલના હસ્તે શુભારંભ કરાયો હતો.

અંબાજી ખાતે દાંતા રોડ ઉપર વેંકટેશ માર્બલ નજીક માતાજીના રથની શાસ્ત્રોક્ત રીતે અને ભક્તિભાવથી પૂજા-અર્ચના કરીને કલેક્ટરશ્રી સહિત મહાનુભાવોએ રથને થોડેક સુધી દોરીને મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. મેળાનો શુભારંભ થતાની સાથે જ બોલ મારી અંબે જય જય અંબેના નાદ સાથે ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી.કલેકટરશ્રી મિહિર પટેલે લાખો માઇભક્તોને મેળામાં આવકારતાં મા અંબા માઈભક્તોની મનોકામના પૂર્ણ કરે અને મેળો સુખરૂપ નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી. મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પો પણ ધમધમી ઉઠ્યા છે ત્યારે કલેકટરશ્રી મિહિર પટેલે સિદ્ધહેમ સેવા કેમ્પ ખાતે મુલાકાત કરી સેવા કેમ્પનો પ્રારંભ કરાવ્યો હતો. તેમજ પદયાત્રીઓને ભોજન પીરસી મેળાની શુભકામનાઓ પાઠવી હતી.મેળાના પ્રારંભ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે દવે, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી અક્ષયરાજ મકવાણા, અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદાર શ્રી કૌશિક મોદી સહિત અંબાજી મેળાના આયોજન માટે બનાવવામાં આવેલ વિવિધ સમિતિઓના સુપરવાઇઝર ઓફિસરશ્રીઓ અને મોટી સંખ્યામાં માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા

સાત દિવસીય ઉત્સવમાં મા અંબાના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓની સેવા, સુવિધા અને સુરક્ષા માટે અનેકવિધ આયોજન કરાયુ છે. મેળાના સાત દિવસ સુધી યાત્રાધામને સાંકળતા માર્ગો બોલ માડી અંબે જય જય અંબેના નાદથી ગુંજી ઉઠશે. રસ્તામાં માઇભક્તોને કષ્ટ ન પડે તે માટે સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઠેરઠેર સેવા કેમ્પો પણ શરૂ કરી દેવામાં આવ્યા છે. માં અંબા ને નવલા નોરતાનું નિમંત્રણ પાઠવવા માટેના આ મેળામાં દૂરદુરના અંતરેથી લાખો શ્રદ્ધાળુઓ કષ્ટ વેઠી ને પણ મા અંબાના ધામ પહોંચશે. ત્યારે ભકતોની સેવા, સુવિધા અને સુરક્ષા માટે વહિવટી તંત્ર સજજ બન્યું છે.


## ગાંધીનગર મહાત્મા મંદિર વોર્ડ માં કોમર્શિયલ નવરાત્રી ને તાત્કાલિક ધોરણે મજૂરી ન આપવા કેન્દ્રીય ગૃહ મંત્રીને રજુઆત

સેક્ટર ૧૩ માં મહાત્મા મંદિર તરીકે આંતર રાષ્ટ્રીય સ્થાન બનાવી વિશ્વ માં આપે અમારા રહેઠાણ ને અતિ ગૌરવ પૂર્ણ બનાવ્યું છે. સાહેબ શ્રી,અમે સેક્ટર ૧૩ નાં રહેવાસીઓ, નવલી નવરાત્રી માં લગભગ ૦૯ ચોક માં અલગ અલગ સોસાયટીઓ માં નવરાત્રી ઉજવીએ છીએ અને જગત જનની માં ની આરાધના કરીએ છીએ..★આ વખતે સરકારી મકાનો ભય જનક જણાતા તેને જમીન દોસ્ત કર્યા છે.તે જગ્યા અને નાના રિઝર્વ પ્લોટ ભેગો કરી અતિ વિશાળ મેદાન માં બહુ જ મોટા પાયે કલ્ચરલ ગ્રુપ અતિ વિશાળ વ્યાપારી નવરાત્રી કરી રહ્યુ છે..., આ માત્ર રહેઠાણ વિસ્તાર છે જેમાં માત્ર એક રસ્તો જ વચ્ચે છે..એક બાજુ મેદાન, બીજી બાજુ સનાતની હિન્દુ વસાહત છે.જે સંપૂર્ણ આપણા શુભેચ્છક અને વોટર્સ છે. આટલા નજીક સોસાયટી માં આટલા મોટા પાયે વ્યાપારી નવરાત્રી ની પરવાનગી આપીશું તો આપણા બધા જ વસાહતીઓ ને મોટા અવાજ નું અતિ પ્રદૂષણ ઉભુ થશે , પાર્કિંગ માટે આટલા બધા વાહન આવશે તે પોતાની સોસાયટી માં પાર્ક થશે, મોડી રાત્રી સુધી વાહનો નાં આવાજ ઊભા થશે , અને સોસાયટીઓ માં રહેતા વસાહતીઓ ને અવાજ, પ્રદૂષણ, અને ઘોંઘાટ સાથે , ન્યુસન્સ ઉભુ થશે તેવો વિશ્વાસ અને ભય સતાવે છે સાથે પોતાની સોસાયટી ની નવરાત્રી ઓ માં ખલેલ પહોંચશે.★★સાહેબ, આ નવરાત્રિ ગ્રુપ ને અમારા શાંત, રહેઠાણ વિસ્તાર માંથી દૂર પરવાનગી આપશો તો જ બધા જ વડીલો, બાળકો અને વસાહતીઓ માં આનંદ રહેશે..★★આપને એક પાર્ટી નાં કાર્યકર્તા તરીકે આપને જાણ કરી ખરા રદય થી વિનંતી કરીએ છીએ કે આપ સાહેબ આને તાત્કાલિક યોગ્ય આદેશ આપી બંધ કરાવો ...★★અમે આના માટે માં.મુખ્યમંત્રી શ્રી, કલેક્ટર શ્રી, જિલ્લા પોલીસ અધિકારી શ્રી સાથે પાટનગર યોજના ભવન માં ઈજનેર શાખા, કમિશનર શ્રી, મહાનગરપાલિકા બધા ને કોપીઓ, અરજીઓ અને આવેદન પત્રા આપી ચૂકયા છીએ...★★હવે સૌ થાક્યા , હાર્યા છીએ માટે આજે આપને જાણ કરી છેલ્લો પ્રયત્ન કરીએ છીએ અમારા સૌ નાં સ્વાસ્થ્ય, અને ખુશીઓ માટે...★

★આપ સાહેબ, તુરંત આદેશ આપશો તો જ આ પ્રદૂષણ , ઘોંઘાટ સાથે ગુંડાગર્દી ને સામાજિક ન્યુશન્સ થી બચી શકીશું...સેક્ટર-૧૩ વસાહત મંડળ તરફથી..★★સેક્ટર ૧૩ સિનિયર સિટીઝન મંડળ તરફથી★આપના સૌ વસાહતીઓ

મહાત્મા મંદિર , (વોર્ડ ૦૬ ) ગાંધીનગર

(★આજે મેદાન માંથી સરકારી લાઈટ નાં પોલ પણ કાઢી નાખ્યાં છે.જે મેદાન મોટું કરતા ત્યાં રોડ હતો ત્યાં જૂના લાઈટ નાં પોલ આજે કાઢી દીધા છે..જે અત્યારે પણ મેદાન માં પડ્યા છે.જે તંત્રની જાણ સારું★)




ગણેશ મહોત્સવ નિમિતે અખાભગત ચેરીટેબલ ના ટ્રસ્ટી મૈત્રી પાસા વાલા દ્વારા કેનેડા ખાતે ગણેશ મહોત્સવ નુ આયોજન કરેલ છે

## દાદાની સવારી.....એસ.ટી. અમારી

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવા યુગની નવી બસોની શરૂઆત થઇ ગઈ છે : વાહનવ્યવહાર રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રગતિના પાયારૂપ બાબતોમાં અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોડ કનેક્ટીવીટી અને જાહેર પરિવહન સેવાને દેશની ગતિશીલતાનો આધાર ગણાવી છે. તે જ દિશામાં આગળ વધતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના મક્કમ નેતૃત્વ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા સામાન્ય નાગરીકો સુધી જાહેર પરિવહનની ઉત્તમ સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજયના વાહન વ્યવહાર રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર બસ સ્ટેશન ખાતેથી નાગરિકોની પરિવહન સેવામાં ૨૦ નવીન હાઈટેક વોલ્વો બસોને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. મંત્રીશ્રી એ નાગરિકોની સુરક્ષાને લગતી સુવિધાઓનું જાત નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં નવા યુગની નવી બસોની શરૂઆત થઈ ગઈ છે. આ અધતન ટેક્નોલોજી યુક્ત ૨૦




નવીન હાઈટેક બસો આજથી ગુજરાતના નાગરીકો માટે કાર્યરત રહેશે. જેમાં અમદાવાદ નેહરૂનગર થી સુરત માટે આઠ બસો, અમદાવાદ નેહરુનગર થી વડોદરા ખાતે આઠ બસો તેમજ અમદાવાદથી રાજકોટ માટે ચાર બસોનું સંચાલન આજથી નાગરિકો માટે કરવામાં આવશે.

વધુમાં શ્રી હર્ષભાઈ સંઘવીએ નવીન બસમાં સુરક્ષા અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ બસ દેશની પ્રથમ સૌથી સુરક્ષિત બસ છે, આ બસમાં એરફોર્સના એરક્રાફ્ટ અને નેવીની સબમરીનમાં જે પ્રકારની ફાયર સેફટીની સુવિધા હોય છે તે પ્રકારની ફાયરસેફટીની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ફાયર ડીટેકશન અને અલાર્મ, ફાયર ડીટેકશન અને સપ્રેશન, અને ફાયર ડીટેકશન અને પ્રોટેક્શનનો સમાવેશ થાય છે. બસમાં કોઈ પણ કારણસર આગની દુર્ઘટના અથવા ધુમાડો ઉત્પન્ન થાય ત્યારે નાઈટ્રોજન ગેસ અને ૨૫૦ લીટરની પાણીની બે ટેન્કો દ્વારા બસની અંદર સ્પ્રિંકલર ટેક્નોલોજીની મદદથી પાણીનો છંટકાવ થશે અને નાગરીકો સુરક્ષિત બહાર આવી શકશે. સાથોસાથ આ બસોમાં મહિલાઓની સુરક્ષાને ધ્યાને રાખીને એક ઈમરજન્સી બટન આપવામાં આવ્યું છે. યાત્રા દરમિયાન મહિલાઓ સાથે કોઈ બનાવ બને ત્યારે મહિલાઓ દ્વારા આ બટન દબાવવાથી નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ થશે અને ગુનેગારને પકડવામાં સરળતા રહેશે. વધુમાં મંત્રીશ્રીએ ઉમેર્યુ કે આ નવીન બસોમાં નાગરિકો માટે વિશેષ સુવિધાઓ ધ્યાનમાં રાખવામાં આવી છે, જેમાં ૪૭ સીટીગ કેપેસીટી, ૨૮૨ લેધર અને આરામદાયક પુશબેક સીટ, સી.સી.ટી.વી કેમેરા, મોબાઈલ ચાર્જ'ગ ફેસીલીટી, ફાયરસેફટી માટે અધ્યતન સ્પ્રિંકલર સિસ્ટમ, સ્મોક ડિટેક્ટર એલાર્મ, એલ.ઈ.ડી. ટી.વી, એકઝોસ્ટ ફેન સાથેના હેચ, ઈમર્જન્સી એક્ઝિટ ડોર વગેરે આધુનિક ટેકનોલોજી સુવિધાઓથી સજજ આ વોલ્વો બસો નાગરિકોની મુસાફરીને વધુ આરામદાયક બનાવશે.

આ કાર્યક્રમમાં મેયર શ્રીમતી મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તર ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય શ્રી જયંતિભાઈ પટેલ, કલોલ ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી શિલ્પાબેન પટેલ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક શ્રી અનુપમ આનંદ સહિત એસ.ટી. વિભાગ સાથે જોડાયેલા અધિકારીઓ-કર્મચારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં.

### ફિલ્મ "ઉડન છૂ"એ ભરી સફળતાની ઉડાન....

## ફિલ્મને મળી રહ્યો છે દર્શકોનો અભૂતપૂર્વ પ્રતિસાદ, તો આજે જ પહોંચી જાઓ તમારા નજીકના સિનેમાઘરોમાં

નવેમ્બર ફિલ્મ્સ અને ઈન્દિરા મોશન પિક્ચર્સના બેનર હેઠળ બનેલ ફિલ્મ "ઉડન છૂ" ૬ સપ્ટેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ કે જેણે સંપૂર્ણ ફેમિલી પેકેજ એન્ટરટેઈનમેન્ટ આપવામાં કોઈ કચાસ બાકી રાખી નથી. ફિલ્મ રિલીઝ થયાને એક અઠવાડિયું પૂર્ણ થયું છે ત્યારે તેણે સફળતાની ઉડાન ભરી છે. આરોહી પટેલ, આર્જવ ત્રિવેદી, દેવેન ભોજાણી અને પ્રાચી શાહ પંડ્યાએ પોતાના અભિનય થકી લોકોને મજ્જો પડાવી દીધો છે. દર્શકોને આ ફિલ્મનો અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે અને હાલ આ ફિલ્મ તમારા દરેકના નજીકના અને દૂરના સિનેમાઘરોમાં ચાલી રહી છે. જેમણે પણ આ ફિલ્મ નથી જોઈ તેઓ "ઉડન છૂ" થઈને આ ફિલ્મ જોઈ આવો.

અનીશ શાહનું અદ્દભૂત ડિરેક્શન અને તેઓ ઉપરાંત અંકિત ગોર અને પાર્થ ત્રિવેદી એ લખેલી આ સત્ય ઘટના પરની કાલ્પનિક વાર્તા એક એક ક્ષણે દર્શકોને જકડી રાખે છે. ફિલ્મની વાર્તા પ્રેમ, કોમેડી અને ડ્રામાથી ભરપૂર છે. જે લોકોને પારિવારિક અને કોમેડી ફિલ્મો જોવી પસંદ હોય એવા લોકોને આ ફિલ્મ પસંદ આવશે. ફિલ્મમાં ઘણા ઈમોશન છે, ઘણા સંબંધો દર્શાવવામાં આવ્યા છે અને આ જુદા જુદા સંબંધોની જુદી-જુદી લાગણીઓ દર્શાવવામાં આવી છે. ફિલ્મના દરેક કલાકારોએ પોતાના પાત્રને પૂરી રીતે ન્યાય આપ્યો છે. ક્રિના (આરોહી પટેલ) એ હસમુખ પટેલ (દેવેન ભોજાણી)ની દીકરી હોય છે જેમનું સામાન્ય ફેમિલી બેકગ્રાઉન્ડ હોય છે. જયારે હાર્દિક (આર્જવ ત્રિવેદી) એ સિંગલ મધર




પાનકોર પાપડવાલા (પ્રાચી શાહ પંડ્યા)નો દીકરો હોય છે જેમનો ખૂબ મોટો પાપડનો બિઝનેસ હોય છે. બાપ- દીકરીના અનોખા સબંધ અને માં- દીકરાની મીઠી ખટપટ બધું જ આ ફિલ્મમાં જોવા મળશે. તેમની સાથે નમન ગોર અને અલીશા પ્રજાપતિએ પણ પોતાની એક્ટિંગ દ્વારા ફિલ્મમાં ચાર ચાંદ લગાડી દીધા છે.

ક્રિના અને હાર્દિકના વેડિંગ બેકડ્રોપ સાથે સેટ કરેલી, આ ફિલ્મ ઉતાર-ચઢાવ, હાસ્ય અને આંસુ અને આવી ઉજવણી સાથે આવતા અનોખા અનુભવોને સાર્થક કરશે. આ ફિલ્મ હસાવે પણ છે અને રડાવે પણ છે. એક મિડલ ક્લાસ વ્યક્તિ પોતાની જવાબદારીમાં વ્યસ્ત હોય છે અને એક સમય આવે છે જયારે તેમનો ભૂતકાળ તેમની સામે આવે છે અને તેમાં બાળકોના વર્તમાન સાથે મિસમેચ થાય છે ત્યારે અંતે શું થાય છે અને કોના લગ્ન થાય છે તે તો ફિલ્મ જોયા બાદ જ ખબર પડશે. તેથી જો તમે આ ફિલ્મ ના જોઈ હોય તો આજે જ તમારા નજીકના થિયેટરમાં પહોંચી જાઓ અને તમારી ફેમિલી સાથે આ ફિલ્મ નિહાળો. ઉલ્લેખનીય છે કે ફિલ્મના અમદાવાદ જ નહિ પરંતુ ગુજરાતના દરેક શહેર અને મુંબઈમાં પણ હાઉસફુલ શો જઈ રહ્યાં છે.

## ડાંગ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે તારીખ ૯ ઓગસ્ટની સંધ્યાએ ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરાયુ



આહવા-ડાંગ

જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી યશપાલ જગાણીયા તેમજ નાયબ પોલીસ અધિક્ષક શ્રી એસ.જી.પાટીલની આગેવાની હેઠળ, આહવા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ દ્વારા આહવામા ફૂટ પેટ્રોલિંગ કરવામા આવ્યુ હતુ. સાંજના ૭ વાગ્યાએ પોલીસ દ્વારા ફૂટ માર્ચ કરી આહવાની બંધારપાડા તેમજ પી.ડબલ્યુ.ડી કોલોનીમા ગણેશ પંડાળના સ્થળોની પણ મુલાકાત લેવામા આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આહવા ટાઉન વિસ્તારમા ૧૩, આહવા પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમા ૩૪, ગિરિમથક સાપુતારા પોલીસ સ્ટેશનના કાર્ય વિસ્તારમા ૪૨, વઘઈમા ૩૪, અને સુબીર પોલીસ સ્ટેશનના હદ વિસ્તારમા ૧૭ જેટલા મંડળો દ્વારા શ્રીજીની સ્થાપના કરવામા આવી છે.ગણેશ ઉત્સવના આ તહેવાર નિમિત્તે જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે, પોલીસ દ્વારા આ ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામા આવ્યુ હતુ.




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.